ગાંધીનગર સમાચાર
તા. ૭-૩-૨૦૧૪, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

### 'અરવિંદ' અને 'કમળ'ની ગોલાલડાઈ

અરવિંદ કેજરીવાલ પાસે મીડિયામાં સતત છવાયેલા રહેવાની જબરી આવડત છે. મીડિયાને બે રીતે કબજે કરી શકાય : બહુ પૈસા ખર્ચવાની ત્રેવડ હોય એવા નેતાઓ મીડિયાને અનુકૂળ કરવા માટે મોટું ફંડ વેડફઈ શકતા હોય છે. ભારતીય જનતા પાર્ટી અને કૉંગ્રેસ જેવા રાષ્ટ્રીય પક્ષો પાસે આવી સગવડ હોય તે સમજી શકાય એમ છે. પરંતુ નવી સવી આમ આદમી પાર્ટી કંઈ મીડિયાને રૂપિયા ફેંકીને રાજી ન જ કરી શખે. એ માટે એણે એવા નુસખા અજમાવવા પડે કે મીડિયા એની ગરજે એની પાછળ દોડતું આવે. કેજરીવાલ પાસે મીડિયા મેનેજમેન્ટની આ કળા શરૂથી જ હતી. અણ્ણા હજારેને 'લાઈમ લાઈટ'માં લાવનાર અરવિંદ કેજરીવાલ જ હતા. નહીંતર પંચોતેર વરસના અણ્ણા તો છેલ્લાં ઘણાં વર્ષોથી ભ્રષ્ટાચાર વિરોધી આંદોલન ચલાવતા હતા. મહારાષ્ટ્ર બહાર એમને કોઈ ઓળખતું જ હોતું એમ કહેવામાં અતિશયોક્તિ નથી. કેજરીવાલે જ એમને જંતરમંતર અને રામલીલા મેદાન બતાવ્યું. અણ્ણાની ગાંધીવાદી ઈમેજનો લાભ લેવા કિરણ બેદી જેવાં મહત્વાકાંક્ષી મહિલા પણ મેદાનમાં આવ્યાં હતાં અને મોદીભક્ત રામદેવને પણ અણ્ણાના મંચ પર ચડીને એમનો પ્રોજેક્ટ વિસ્તારવાની મહેચ્છા હતી પરંતુ ચતુર કેજરીવાલે એમની ઈચ્છા બર ન આવવા દીધી. પોતે અણ્ણાને ગુરુપદે સ્થાપીને એટલા આગળ વધી ગયા કે આજે અણ્ણાને એમના રાજકીય વારસદાર શોધવા કોલકાતા જવું પડ્યું છે. કેજરીવાલની દાનત વિશે તો એમના વિરોધીઓ પણ કશું કહી શકે એમ નથી. દિલ્હીના મુખ્યમંત્રી તરીકે એમણે જે લોકલક્ષી અભિગમ દાખવી કેન્દ્ર સરકારના નાકે દમ લાવી દીધો હતો, તે પછી કૉંગ્રેસ અને ભાજપ- બેઉએ એમને ખોટા ચીતરવાની એકે તક જતી નથી કરી. એમની 'પોલ' ખોલવાના કાર્યક્રમો ચલાવ્યા છે, એમને અરાજકતા ફેલાવનારા ગણાવ્યા છે. છેલ્લે તો ભાજપના પ્રવક્તાએ એમને નક્સલવાદી સુધ્ધાં કહી દીધા છે. પરંતુ હાથી ચલત હૈ અપની ગત મેં. એમણે મોદી જેવા મહારથીના મનમાં પણ દહેશત પેદા કરી દીધી છે, એ સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. કેજરીવાલની આમ આદમી પાર્ટી પાસે કંઈ ભાજપ કે કૉંગ્રેસ જેવું રાષ્ટ્ર વ્યાપી નેટવર્ક નથી કે નથી એણે કોઈ ગઠબંધન અથવા મોરચા સાથે ભળવાનું ગોઠવી રાખ્યું. તેમ છતાં મીડિયામાં છવાયેલા રહેવાની આવડતને કારણે અરવિંદ કેજરીવાલ અને 'આપ' લોકોની નજર સામે સતત ટકી રહ્યાં છે તે જ શું એમની સિદ્ધિ નથી? ગુજરાતના મુખ્યમંત્રી અને એમના વિકાસ મોડલની સાચી હકીકતો ખુદ કૉંગ્રેસની નેતાગીરી દ્વારા સતત પ્રકાશિત અને પ્રચારિત થતી રહેતી હોવા છતાં દેશની પ્રજામાં મોદીની લોકપ્રિયતાની બોલબાલા અકબંધ રહેવા પામી છે. અર્થાત્ કૉંગ્રેસની રજૂઆત પર લોકો ભરોસો કરતા નથી. અરવિંદ કેજરીવાલ એક સંશોધકની જેમ ગુજરાતની ઝાડુયાત્રા પર આવ્યા છે. એમને પહેલા જ દિવસે ધારી સફળતા હાંસલ થઈ ગઈ. ચૂંટણી જાહેર થઈ તે જ દિવસે એમણે પત્રકારત્વની ભાષામાં કહીએ તો 'સુરખીઓ બટોરી લીધી' છે. રાધનપુરમાં કોઈપણ બહાના હેઠળ એમના ત્રીશેક વાહનોના કાફલાને અટકાવીને ગુજરાત પોલીસે એમના માલિક માટે માથાનો દુખાવો પેદા કરવાનું કામ કર્યું છે. આચારસંહિતાથી લઈ ટ્રાફિક સમસ્યા સુધીનાં બહાનાં કાઢનારી ગુજરાત પોલીસ અને બ્યુરોક્રસીએ કેજરીવાલ અને 'આપ'ને સળંગ બે દિવસ દેશભરનાં માધ્યમોમાં લાઈમ લાઈટમાં છવાયેલા રહેવાની તક પૂરી પાડી છે. ભાજપ મુખ્યાલય પર ઘસી ગયેલા આમ આદમી પાર્ટીના કાર્યકરોએ દિલ્હી માથે લીધું તેની સામે લખનૌ અને અલ્હાબાદમાં પણ પ્રત્યાઘાત પડ્યા છે. બેઉ પક્ષે થયેલી હિંસાત્મક કાર્યવાહી લોકશાહીને અનુરૂપ ન જ ગણાય. એ જ રીતે કેજરીવાલના કાફલા પર કચ્છમાં થયેલ હુમલો કે એમને દેખાડાયેલા કાળા વાવટા પણ લોકશાહીના લાંછનરૂપ ઘટનાઓ છે. એ સ્વયંભૂ થયેલો વિરોધ છે એવા સરકારી પ્રચારને કોઈ માની શકે નહીં. એથી ઊલટાનું 'સાહેબ'ને જ નુકસાન થવાનું છે, જે આગામી દિવસોમાં જોઈ શકાશે. કેજરીવાલે જો દિલ્હીની ઘટના બદલ માફી માગવામાં દિલચોરી ન દાખવી હોય તો મોદી કે રાજનાથ એટલી ઉદારતા કેમ દાખવી શકતા નથી? ચૂંટણી માથે છે ત્યારે આવું ઘમંડી વર્તન અને આવી સંકુચિતતા એમને જ નડવાની છે. કેજરીવાલને બગાસું ખાતાં પતાસું મોઢામાં આવી ગયું છે અને 'આપ' માટે એમનો ગુજરાત પ્રવાસ આખા ચૂંટણી સંગ્રામ માટેનું ખાધે ખૂંટે નહીં એવું ભાથું બની રહેલ છે. દિલ્હી પોલીસે કરેલી એકતરફી કાર્યવાહી પણ અંતે તો કેજરીવાલના જ લાભમાં પરિણમશે.

# પરીક્ષાનાં ૧૨૫૭ પૈકી ૨૦૦ કેન્દ્રો પર સીસીટીવી સુવિધા

આગામી ૧૩ માર્ચથી યોજાનાર ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાને લઈને શિક્ષણ બોર્ડ દ્વારા તૈયારી શરૂ કરી દેવાઈ છે. આ પરીક્ષા માટે જે સ્કુલોમાં સીસીટીવી કેમેરા હોય તેને જ કેન્દ્ર તરીકે પ્રાધાન્ય આપવાનું નક્કી કરાયું હતું. જે મુજબ નક્કી કરાયેલા ૧૨૫૭ પરીક્ષા કેન્દ્રો પૈકી હાલમાં માત્ર ૨૦૦ સ્કુલોમાં જ સીસીટીવી કેમેરા હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે અન્ય સ્કુલોમાં આ સુવિધા નથી ત્યાં બને એટલી ઝડપી સીસીટીવી કેમેરા લગાવવા માટે સૂચના આપી દેવામાં આવે છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ આગામી ૧૩ માર્ચથી લેવાનાર બોર્ડની પરીક્ષા માટે સમગ્ર રાજ્યમાં ધોરણ-૧૦ માટે ૭૮૦ પરીક્ષા કેન્દ્રો નક્કી કરાયા છે જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૩૬૭ અને સાયન્સ બીજા અને ચોથા સેમેસ્ટરના મળી ૧૧૦ કેન્દ્રો છે. જો કે આ તમામ કેન્દ્રોમાંથી મોટા ભાગનાં કેન્દ્રો પર સીસીટીવીની સુવિધા ન હોવાનું જાણવા મળે છે. બોર્ડના સુત્રોના જણાવ્યા પ્રમાણે હાલમાં જે પરીક્ષા કેન્દ્રો નક્કી કરાયા છે તે પૈકી માત્ર ૨૦૦ સ્કુલોમાં જ સીસીટીવી કેમેરા છે. એટલે કે બોર્ડના ૧૦૫૭ જેટલા કેન્દ્રો પર હજુ સુધી સીસીટીવીની સુવિધાથી વંચિત છે. ત્યારે શિક્ષણ બોર્ડ દ્વારા આ કેન્દ્રો પર સીસીટીવી લગાવવા માટે સ્કુલોને સૂચન આપી દેવામાં આવી છે. જેના પગલે સ્કુલ સંચાલકોમાં રોષ ફેલાયો છે. અને આટલા ઓછા સમયમાં કેવી રીતે સીસીટીવી કેમેરાની વ્યવસ્થા કરવી તેવો સવાલ બોર્ડને કરી રહ્યા છે. બીજી બાજુ બોર્ડની પરીક્ષા માટે સીસીટીવી કેમેરા લગાવવાનો સંપૂર્ણ ખર્ચ સ્કુલ સંચાલકોએ ઉઠાવવાનો થાય છે. જેથી કેટલાંક સંચાલકો સીસીટીવી કેમેરા લગાવવા રાજી ન હોવાનું જાણવા મળ્યું છે. બીજી તરફ ઘણી સ્કુલો એવી છે કે ત્યાં સીસીટીવી સુવિધા ઉપલબ્ધ છે પરંતુ તે સ્કુલો અંતરીયાળ વિસ્તારમાં આવેલી હોઈ તેને પરીક્ષા કેન્દ્ર ફાળવાયા નથી. ઉલ્લેખનીય છે કે અગાઉના વર્ષોમાં સંવેદનશીલ કેન્દ્રો પર ચાંપતી નજર રાખવા વિડીયોગ્રાફી કરાતી નથી. દરેક સ્કુલોમાં સીસીટીવીની સુવિધા ઊભી ન થાય તેવા સંજોગોમાં બોર્ડને ના છુટકે વિડીયોગ્રાફીનો સહારો લેવો પડશે. એટલે કે જે સ્કુલોમાં સીસીટીવી નહીં હોય ત્યાં વિડીયોગ્રાફી કરી ફુટેજ એકત્ર કરાશે.

## હરિની દૃષ્ટિ...

*પક્ષ માટે ચૂંટણી ઉમેદવારનું લીસ્ટ બનાવીએ છીએ તો અમુક ઉમેદવાર તે ભુંસી નાંખે છે. અમુકના નામનું બનાવીએ છીએ તો પહેલા નામવાળા ભુંસી નાંખે છે.*

## અનુસૂચિત જાતિ પરિસંવાદ યોજાશે

મહામાનવ વીર મેઘમાયા બલિદાન દિવસ અને સંત રોહિતદાસ જન્મ જયંતિ નિમિત્તે અનુસૂચિત જાતિ એકતા મંચ દ્વારા પરિસંવાદ યોજાશે. ૮ માર્ચ શનિવાર, બપોરે ૩ કલાકે ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ, સે. ૧૨, ગાંધીનગર ખાતે રજનીકાન્ત જાદવ, આઈએએસ. એમ.ડી. ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમની અધ્યક્ષતામાં યોજવામાં આવશે. પરિસંવાદમાં પૂ. ધનનાથ બાપુ, આર.કે. રાઠોડ, અ. કલેક્ટર મહેન્દ્રભાઈ સોલંકી, વકીલ, ડૉ. નીતિન ગુર્જર ઉપસ્થિત રહેશે.

# સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરનો ઈનામ વિતરણ અને વાર્ષિકોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૬

સહજાનંદ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર સરગાસણ ખાતે ગુજરાતી માધ્યમ સ્કૂલનો વાર્ષિકોત્સવ ગઈ બીજીના રોજ ટાઉનહોલ ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો હતો.

ગાંધીનગર પાસેના સરગાસણ ખાતેની સ્કૂલ ઓફ એચિવર ગુજરાતી માધ્યમનો વાર્ષિકોત્સવ અને ઈનામ વિતરણ સમારોહ જાણીતા મોટીવેટર પરીક્ષિત જોબનપુત્રાના અધ્યક્ષસ્થાને ટાઉનહોલ ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સંસ્થાના ટોપર્સ અને ૧૦૦ માર્ક મેળવનાર વિદ્યાર્થીઓને ટ્રસ્ટીગણ દ્વારા ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. જેમાં જીવવિજ્ઞાનના શિક્ષક એન.જી. અનિયારાએ વિદ્યાર્થીઓને ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે ખુબજ મહેનત કરવા જણાવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોને શિક્ષણ ઘડતરની ડોક્યુમેન્ટરી ફિલ્મ બતાવવામાં આવી હતી.

તેમજ પરીક્ષિત જોબનપુત્રાએ વિદ્યાર્થીઓને કારકિર્દી ઘડતર માટે જરૂરી સૂચનો કર્યા હતા અને વાલીઓને પણ સંબોધન કર્યું હતું. સમારંભના અંતે ડૉ. મહેન્દ્રસિંહ સોઢાએ આભાર વ્યક્ત કર્યો હતો.

# આંતર રાષ્ટ્રિય મહિલા દિને પાંચમા ઉદ્‌ગમ વિમેન્સ એચિવર્સ એવોર્ડ સમારંભનું આયોજન

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરના સેક્ટર-૧માં ગાયત્રી મંદિર નજીક આવેલ ઉદ્‌ગમ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા તા. ૮મી માર્ચ આંતરરાષ્ટ્રિય મહિલા દિવસ નિમિત્તે પાંચમા ઉદ્‌ગમ વિમેન્સ એચિવર્સ એવોર્ડ સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે. આ એવોર્ડ સમારંભ ચ-૦ સર્કલ પાસે આવેલ ઈન્ફોસીટી ક્લબ એન્ડ રિસોર્ટ ખાતે બપોરે ૨ થી ૫ વાગ્યા દરમ્યાન યોજાશે.

ઉદ્‌ગમ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ નારી શક્તિને સલામ કરવાના ઉદ્દેશથી પાંચમા ઉદ્‌ગમ વિમેન્સ એચિવર્સ એવોર્ડનું આયોજન કરાયું છે. જેમા ગુજરાતના સર્વ પ્રથમ આઈએએસ મહિલા ગૌરી ત્રિવેદી અને કલ્પતરૂ પાવર કંપનીના સીએફઓ કલમ કિશોર જૈન ઉપસ્થિત રહેશે. આંતરરાષ્ટ્રિય મહિલા દિને નારી શક્તિને સન્માનવાના પ્રયાસરૂપે આ એવોર્ડ સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે. આ એવોર્ડ સમારંભ દ્વારા મહિલાઓને સન્માન સાથે તેમના માટે આ વિશ્વને મહિલાઓ માટે વધુ સાનુકૂળ બનાવવા અંગે જાગૃતિ ફેલાવવાનો આશય રાખવામાં આવ્યો છે.

સિનિયર સિટિજન કાઉન્સિલ દ્વારા કચ્છ જિલ્લાના રાપર તાલુકાના વરણુરાગ પાસે કામ કરતા અગરિયા પરિવારોને ૧૦૦ હોલબુટ, ૧૦૦ નંગ ચશ્મા, ટોપી, જરૂરી દવાઓ મફત વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મીઠુ પકવતા અગરિયાઓને આપવામાં આવેલી ચીજવસ્તુઓથી ખુશ જણાતા હતા. ચીજવસ્તુઓ અમદાવાદની એમ.જે. ઓપ્થોલ્મોજી હોસ્પિટલ દ્વારા વિતરણ કરવામાં આવી હતી. આ પ્રસંગે સિસિકાના દશરથલાલ પરમાર, ઓમકાર ટ્રસ્ટના એચ.વી. વરિયા, દિવ્યાબેન વરિયા સહિતના કાર્યકરો વિતરણ કરતા દેશ્યમાન થાય છે.

## મટીરીયલ ફલો કોસ્ટ એકાઉન્ટીંગ અંગે જાપાનના સહયોગથી જાગૃતિ સેમિનાર યોજાયો

અમદાવાદના સુભાષબ્રિજ પાસે આવેલ હોટલ મેટ્રોપોલ ખતે નેશનલ પ્રોડકટીવીટી કાઉન્સીલ દ્વારા જાપાન પ્રોડકટીવીટી સેન્ટર અને એશિયન પ્રોડકટીવીટી ઓર્ગેનાઈઝેશનના સહકારથી 'મટીરીયલ ફલો કોસ્ટ એકાઉન્ટીંગ' અંગે જાગૃતિ સેમિનાર યોજાયો હતો. સમગ્ર ભારતમાં મટીરીયલ ફલો કોસ્ટ એકાઉન્ટીંગ ક્ષેત્રે સૌ પ્રથમ પહેલ કરનારા ઔદ્યોગિક એકમો સહિત ૨૫૦થી વધારે એકમોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

જાપાનની સંસ્થા જાપાન પ્રોડકટીવીટી સેન્ટર અને એશિયન પ્રોડકટીવીટી ઓર્ગનાઈઝેશન દ્વારા મલેશિયામાં પડતર કિંમતના હિસાબના મહત્વના પ્રવાહ અંગે સફળ પ્રોજેકટો હાથ ધરાયા બાદ ગુજરાતમાં કેન્દ્ર સરકારના રાષ્ટ્રિય ઉત્પાદકતા પરિષદના સહકારથી કેટલાક પસંદ કરાયેલા ઔદ્યોગિક અકમોમાં આ પ્રોજેકટનો અમલ કરાયો હતો. આ પહેલ કરનાર સાહસિક એકમોમાં છત્રાલની સાઈનેસ્ટ ટયુબ્સ, ઓઢવની ભગવતી સ્પેરોકાસ્ટ, વાઘોડીયાની બરોડા મોલ્ડ એન્ડ ડાઈસ તેમજ કડીની સોમાણી સિરામકનો સમાવેશ થાય છે. આ એકમો દ્વારા મટીરીયલ ફલો કોસ્ટ એકાઉન્ટીગ અપનાવાઈ ખોટા ખર્ચાની બચત સાથે સાથે ઘણી બધી ઉર્જાની બચત પણ કરવામાં સફળતા મેળવી હતી.

આ સેમિનારમાં જાપાનીઝ સંસ્થાઓના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા જેમણે ઔદ્યોગિક એકમોના હાજર રહેલા પ્રતિનિધિઓને આ પ્રોજેકટ અને તેને અપનાવવાથી થતા સામાજીક, આર્થિક અને પર્યાવરણીય ફાયદા સમજાવ્યા હતા. ગુજરાતના સિરામિક, સ્ટીલ રિ-રોલીંગ, ફાઉન્ડ્રી, બીબા અને ઘાટને લગતા ઉદ્યોગને આ સેમિનારમાં આવરી લેવાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે પ્રારંભીક પ્રયત્નોમાં જ નિદર્શન એકમો દ્વારા આવર્તક ધોરણે રૂપિયા ૬ કરોડની બચત થઈ હતી.

# વ્યસનમુક્તિ, સાક્ષરતા અને ગ્રામોત્થાન પર ઈન્દ્રપુરા ખાતે સાત દિવસીય શિબિર સંપન્ન

ગાંધીનગર, તા. ૬

અશ્વિનભાઈ પટેલ કોર્સ કોલેજના વિદ્યાર્થીઓએ ઈન્દ્રપુરા ખાતે સાત દિવસીય એન.એસ.એસ. શિબિર યોજી હતી. શિબિર યુવા જાગૃતિ, વ્યસન મુક્તિ, સાક્ષરતાની થીમ પર યોજવામાં આવી હતી. શિબિરમાં ગ્રામજનોએ વિદ્યાર્થીઓને ખુબ જ સહયોગ પૂરો પાડ્યો હતો.

નગરના સેક્ટર-૨૩ સ્થિત અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજ દ્વારા તાજેતરમાં માણસા તાલુકાના ઈન્દ્રપુરા ખાતે એન.એસ.એસ. શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં કોલેજના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. સાત દિવસીય શિબિરમાં દરેક દિવસે અલગ અલગ થીમ પર કાર્યક્રમ કરવામાં આવ્યા હતા.

શિબિરમાં વિદ્યાર્થીઓએ દિવસ દરમિયાન ઈન્દ્રપુરા ગામમાં સફાઈ અભિયાન હાથ ધર્યુ હતુ. જેમાં પ્રાથમિક શાળા, ગામનું મુખ્ય મંદિર અને અન્ય જગ્યાઓ જ્યા ગંદકીના ઢગ ખડકાયેલા હતા તે તમામ ગંદકીને વિદ્યાર્થીઓએ દૂર કરી નિર્મળ ગામ બનાવ્યું હતું. અને બપોર બાદ વિદ્યાર્થીઓ ગામમાં વ્યસનમુક્તિ અભિયાન હાથ ધર્યું હતું.

વ્યસનમુક્તિ અભિયાનમાં શિબિરાર્થીઓએ ગામમાં વ્યસન કરતા નાના-મોટા વડીલોને વ્યસન એક દૂષણ છે તેમ સમજાવવામાં આવ્યું હતું. ત્યારે ગ્રામજનો વ્યસનથી મુક્તિ મેળવે તે માટે વ્યસનથી થતા કેન્સર સહિતના રોગોથી વાકેફ કર્યા હતા અને ગામના ૨૦૦ લોકોને વ્યસનથી દૂર રહેવાના સોગંદ લેવડાવ્યા હતા. જે વ્યક્તિઓએ સોગંદ લીધા છે તેમને શિબિર બાદ પણ મળવામાં આવશે તેઓ વ્યસનથી મુક્ત થયા છે કે નહિ તેની જાણકારી મેળવવામાં આવશે.

વિદ્યાર્થીઓએ નિરક્ષર લોકોને સાક્ષરતાના પાઠ ભણાવ્યા હતા અને આ અભિયાનમાં નિરક્ષર લોકોમાં ઉડીને આંખે વળગે તેવી વૃદ્ધોની હાજરીથી વિદ્યાર્થીઓએ ધન્યતા અનુભવી હતી. ત્યારે વૃદ્ધો પણ હોંશે હોંશે સાક્ષરતા મેળવવા રોજ ક્લાસમાં આવી જતા હતા. વિદ્યાર્થીઓ દ્વારા રાત્રી દરમિયાન દરરોજ વિવિધ સાંસ્કૃતિ કાર્યક્રમો યોજતા હતા. સાક્ષરતા અભિયાન હેઠળ નાટક કરવામાં આવતા હતા.

નાટક નિહાળવા માટે ગામના ૨૦૦૦ થી વધુ લોકો હાજર રહેતા હતા. દિવસ દરમિયાન વિવિધ કામ કરવા હોવા છતા વિદ્યાર્થીઓ થાક્યા વિના નાટકો ભજવતા હતા. ત્યારે ગ્રામજનોએ પણ વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા. શિબિરના અંતિમ દિવસે વિદ્યાર્થીઓને અશ્રુભિની વિદાય આપી હતી.

આ પ્રસંગે પ્રિ. ડૉ. જયેન્દ્રભાઈ ભટ્ટ, સરપંચ મંજુલાબેન ચૌધરી, બાબુભાઈ ચૌધરી, ઉપસરપંચ વિનુભાઈ ચૌધરી, મોહનભાઈ ચૌધરી સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને ભાવિ કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

# યહાં ચારો તરફ હૈ હજારો આદમી, ઈન મેં સે મિલતા નહીં હૈ એક ભી આદમી...

**લાફીંગ કોર્નર**

**ચાંટા લગા...**

*- બિપીન ત્રિવેદી*

લાફા માટે હિંદી ભાષામાં ચાંટા શબ્દ વપરાય છે. આપણે લાફો ખાધો એમ કહીએ તો હિંદી ભાષામાં ચાંટા લગા એમ કહેવાય. લાફો લાલચોળ કરી દે છે પછી તે ગમે તે ભાષામાં ઝીંકાયો હોય. લાફાને સેન્ટીમેન્ટ સાથે સંબંધ છે. માણસ સંયમ ગુમાવે ત્યારે જ આકરી અભિવ્યક્તિ રૂપે લાફો ઝીંકી દેતો હોય છે. માણસ ક્યારેય વિચારીને અને આયોજન કરીને ગુસ્સો કરતો હોય તેવું જાણ્યું નથી. ગુસ્સાનું અચાનક ધોધમાર અવતરણ થતું હોય છે. જેની ગંગોત્રી અચેતન મનના અજાણ્યા ખુણામાં હોય છે. લાફો ઝીંકનારે આગલા જન્મમાં ક્યો પશુદેહ ધારણ કર્યો હશે તે તેની બોડી લેન્ગવેજ પરથી જણાઈ આવતું હોય છે. આપણા જનસામાન્યને આવું નિરીક્ષમ કુદરત સહજ પ્રાપ્ત થયેલું હોય છે.

***યહાં ચારો તરફ હૈ હજારો આદમી,***
***ઈન મેં સે મિલતા નહીં હૈ એક ભી આદમી...***

એ શેરના સંદર્ભમાં જોઈએ તો માનવ તન ધારીના વર્તન પરથી તેના માનવપણાની ખરાઈ થઈ જતી હોય છે. એટલેસ્તો જનસામાન્ય કદાચ ઉપમા આપીને કહેતા હોય છે કે ફલાણો કાગડા જેવો છે. ફલાણો ગભરું ગાય જેવો છે, ફલાણો લુચ્ચા શિયાળ દેવો છે, ફલાણો ગીધ જેવો છે, ફલાણો કૂતરા જેવો છે કે સિંહ જેવો છે.. વિગેરે જ્યારે કોઈ અટકચાળા નરને વાનરની ઉપમા પણ અપાતી જોવા મળતી હોય છે. આમ જોવા જઈએ તો મોટાભાગે માણસમાં પશુ-પક્ષીની લાક્ષણિકતા વધુ પ્રમાણમાં જોવા મળતી હોય છે. જે એક રીતે ઉત્ક્રાંતિવાદની થીયરીને સાચી પાડે છે. થોડાં માણસ માણસ જેવા પણ હોય છે. જેના વિશે એમ કહેવાયું હોય છે કે, આના જેવો તો માણસ નહીં. જ્યારે જવલ્લેજ કોઈ ઉચ્ચકોટીના માણસ હોય જેના વિશે કહેવાતું હોય છે કે, એ તો ભગવાનનો માણસ છે. પશુતાના સંસ્કારો ધરાવતા મનુષ્ય દેહધારીઓને તે સંસ્કારોમાંથી મુક્ત થતાં તો અનેક જન્મ લાગી જાય છે તેવી એન્લયાન વિભૂતિઓની વાત સાચી લાગે છે.

લાફો ચોડી દીધાની વાત વાંચીએ, જાણીએ કે પ્રત્યક્ષ જોઈએ ત્યારે લાફો મારનારના વ્યક્તિત્વમાં કોઈને કોઈ હિંસક પશુની અદૃશ્ય છબી અંકિત થતી કલ્પી શકાય છે. લાફો ઝીંકનારને તો પ્રેશરકુકરમાંથી એકદી થયેલી વરાળ સીટી વાટે નીકળી જતી હોય તેવી રાહત થતી હશે. પરંતુ લાફો ખાનારને પ્લેનેટોરિયમમાં જોવા મળતી બ્રહ્માંડ ફરતું હોવાની અનુભૂતિ થતી હોય છે. મેઈક અપ વગર જ ચઢેરો લાલઘૂમ થઈ જતો હોય છે. દિશાઓ વિલીન થઈ જતી હોય એવું લાગે છે. સમાદિષ્ઠ યોગી જેવી શુન્ન સ્થિતિ થઈ જતી હોય છે.

ઘરમાં પતિ પોતાની પત્નિને અથવા તેનાથી ઉલટું યા પડોશી પડોશી કે રસ્તા પર કોઈ રાહદારીને લાફો ઝીંકીદે તે સમાચાર બનતાં નથી. આવું તો કાયમનું થયું તેમ માનીને લોકો આંખ આડાકાન કરી દેતાં હોય છે. પરંતુ જ્યારે કોઈ નામાંકિત વ્યક્તિ કોઈને લાફો ઝીંકીને કે કોઈનો લાફો ખાઈને કલંકિત બને છે ત્યારે તે સમાચાર બને છે. તેમાંયે જ્યારે ચેનલો તે દૃશ્યનું વારંવાર ટેલીકાસ્ટ કરતી હોય ત્યારે તો વાત જ ઓર હોય છે.

એક વખત હરભજન નામના ક્રિકેટના ખેલાડીએ ભજનમાં ભંગ પડતાં સંત એવા નામની પરવા કર્યા વિનાં શ્રીસંત નામના ખેલાડીને લાફો ચોડી કાઢ્યો હતો. આમાં કોઈ ફીક્સીંગ હતું નહીં. કારણ શ્રીસંત સાયુકલું રડી પડ્યો હતો. આટલું તો ગાલ પર બેટ મારી દીધું હોત તો પણ રડવું ન આવત તેવું તે કોંકને કહેતો હતો.

તો પ્રશાંત ભૂષણ નામના વકીલ નેતાની કાશ્મીર અંગેની ટિપ્પણીથી અશાંત થયેલા કોઈ વ્યક્તિએ તેમને લાફો ઝીંકી દીધો હતો. જ્યારે શરદ પવાર નામના પાવરફૂલ પ્રધાનને મોંઘવારી નહીં ઘટાડવા સબબ એક વ્યક્તિએ ડાબા હાથની ચોડી દીધી હતી. પરંતુ પવાર સાહેબ ગાલ પંપાળતા રહ્યા અને મોંઘવારી વધતી જ ગઈ. વળી શાહરૂખખાન નામના એકટરે એક વખત રુખ પારખીને ફરાહખાનના પતિને લાફો વળગાડી દીધો હતો. જ્યારે શંકરાચાર્યએ પણ નરેન્દ્ર મોદી અંગેનો વિષય બહારનો પ્રશ્નપૂછનાર કોઈ પત્રકારને લાફો મારી દીધો હતો.

હમણાં હરિયાણાના મુખ્યપ્રધાન એવા હુડાને એક બેકારીથી ત્રસ્ત યુવાને રોડ-શોના લાઈવ ટેલિકાસ્ટ વચ્ચે લાફો ચોડી દીધો હતો. તો બાકી રહી જતું હોય તેમ ઉત્તરાખંડના નવા વરાયેલા મુખ્યપ્રધાન રાવતે તેમના ઝીંદાબાદના નારા લગાવતા યુવાનને લાફો ફટકારી દીધો હતો. કહે કેમ, તો કહે શિસ્ત જરૂરી ચીજ છે. ઐસા ભી હોતા હૈ.

જમ્મુ-કાશ્મીર વિધાનસભાના ગૃહમાં એક સદસ્યએ માર્શલને એકથી વધુ વખત લાફા મારી દીધા તેની ગણતરી સાથેનો હાઈલાઈટસ વારંવાર ટીવી ચેનલો દર્શાવતી હતી. ભૂતકાળમાં ગુજરાતમાં પણ નેતાઓ સલામતી રક્ષક અને પોલીસને લાફો મારતા ઝડપાયા હતા.

એટલું ખરું કે પ્રજા સંયમ ગુમાવે છે ત્યારે હતાશા કે પાગલ દશામાં નેતાને લાફો ઝીંકી દે છે. તે માની મોટા ભાગે નેતાઓ માફી માંગનારને માફ કરી દેતા હોય છે અને એવી વ્યક્તિઓ સામે પગલાં લેવાનો કે કામ ચલાવવાનો આગ્રહ રાખતા નથી હોતા. પ્રજા સંયમ ગુમાવે તે સમજી શકાય પરંતુ આ તો ચૂંટણી નજીક આવે તેમ નેતાઓ પણ સંયમ ગુમાવતા હોય તેમ જણાય છે. લાફો ઝીંકતાં વખતે પણ ઘણા કહેતા હોય છે, 'તને ખબર નથી, હું કોણ છું?'

ત્યારે કહેવાનું મન થાય કે અલ્યા પશુ, તું કોણ છે તેની તને સાચી ખબર હોત તો તું આવું ના કરત. રમણ મહર્ષિ તેમની પાસે આવનાર જિજ્ઞાસુઓને કહેતા કે, 'હું કોણ છું?' તેજા શોધ કરો. ખબર પડી જશે પછી ભટકવાનું મટી જશે અને અથડામણો ટળી જશે.

જો કે નેતાઓને તો ક્યારેક જ લાફો ઝીંકાતો હોય છે. જાયેર પ્રજાને તો હંમેશા લાફા ખાવાની આદત પડી ગઈ હોય છે. દૂધ, વીજળી, પેટ્રોલ, ડીઝલ અને ગેસના અચાનક દર વધારા રૂપી લાફા પ્રજાના ગાલ પર નિરંતર પડતાં જ રહે છે. ખરેખરાં સામાન્ય નાગરિકોનું બજેટ આવા અચાનક અને નિરંતર રીતે પડતાં લાફાઓને કારણે કેવું ખોરવાઈ જતું હોય છે તેની વેદના નેતાઓ જાણતા નથી. સામાન્ય નાગરિકોને લોનના હપ્તાઓ ભરવામાં અને લટકામાં પડતાં લાફા ઝીલવાના કારણે બે છેડાં ભેગા કરવા કાઠા થઈ પડતાં હોય છે.